## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા આત્મા પ્રોજેક્ટ, આણંદ ના સંયુક્ત ઉપક્રમે ડ્રોન ટેકનોલોજીની તાલીમ યોજાઇ

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ અને આત્મા પ્રોજેક્ટ, આણંદ ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫.૦૧.૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ સોજિત્રા તાલુકાના દેવા તળપદ ગામ ખાતે ખેડુતના ખેતર ઉપર ડ્રોન ટેકનોલોજીની તાલીમ તેમજ પ્રત્યક્ષ નિદર્શન ગોઠવવામાં આવેલ હતુ, જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી  ડૉ. યોગેશ લકુમ; આત્મા પ્રોજેક્ટ, આણંદના ડાયરેક્ટરશ્રી ઘનશ્યામભાઇ ભાલોડી; સહ પ્રાધ્યાપક અને વડાશ્રી, એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદથી ડૉ. વિમલભાઇ પટેલ; સહ પ્રાધ્યાપક, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદથી ડૉ. શૈલેષભાઇ પટેલ; મદદનીશ પ્રાધ્યાપકશ્રી, એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદથી ડૉ. જી.એન. મોટકા; ઇજનેરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજથી ડૉ. દિનેશભાઇ રંગપરા; આત્મા પ્રોજેક્ટ, આણંદના બીટીએમ શ્રી સુરેશભાઇ મહેરીયા અને એટીએમ શ્રી જીતુભાઇ જાદવ તેમજ ગ્રામસેવકશ્રી અને મોટી સંખ્યામાં ખેડુતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સુરેશભાઇ મહેરીયા દ્વારા ઉપસ્થિત સર્વેનું શાબદિક સ્વાગત કારવામાં આવ્યુ. ત્યારબાદ કેવિકે, દેવાતજના વડાશ્રી ડો. યોગેશ લકુમ દ્વારા ડ્રોન ટેકનોલોજીના મહત્વ અને ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી. ડૉ. વિમલભાઇ પટેલ દ્વારા ડ્રોનના ફાયદાઓ વિશે માહિતી આપવામાં આવેલ. શ્રી ઘનશ્યામભાઇ ભાલોડીએ ડ્રોનના છંટકાવ માટેની નોધણી તેમજ સબસીડીની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. દિનેશભાઇ રંગપરા દ્વારા તાદ્રશ્ય નિદર્શન બતાવવામાં આવ્યુ જેમાં ખેડુતના ખેતરે ડ્રોનથી જીવામૃતનો છંટકાવ કરવામાં આવ્યો. ઉપરોક્ત તાલીમ અને નિદર્શનમાં ભાગ લીધેલ ખેડુતોએ પોતાના ખેતર ઉપર પણ ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરશે તેવુ મંતવ્ય દર્શાવ્યુ.

કાર્યક્મના અંતે ડો. યોગેશ લકુમ સર્વેનો આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કેવિકેનાં કર્મચારી અને આત્મા સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

<u>કાર્યક્રમની ઝાંખીઓ</u>











